# બિહારમાં જંગી બહુમતિ આપવા મોદીની અપીલ

પટણા,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારમાં આક્રમકરીતે ચૂંટણી પ્રચાર માટેનું રણશિંગૂ ફૂંકી દીધું હતું અને મુઝફ્ફરપુરમાં વિશાળ રેલી યોજી હતી. ભાજપના પ્રચારના શ્રીગણેશ કરતા મોદીએ બિહારના વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની વાત કરી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે, નીતિશકુમારે બિહારના વિકાસની પ્રક્રિયાને અટકાવી દીધી છે. કારણ કે તેઓ મને પસંદ કરતા નથી. મોદીએ બે તૃત્યાંશ બહુમતિ સાથે બિહારમાં ભાજપને તક આપવા લોકોને અપીલ કરી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, દિલ્હીમાં બેસીને પણ બિહારમાં તમામ ઘટનાક્રમ ઉપર તેઓ નજર રાખી રહ્યા છે. તેઓ જાણે છે કે, ૫૦૦૦૦ કરોડ રૂપિયાથી બિહાર તેમના સ્વપ્રનું બનશે નહીં. સંસદનું મોનસુન સત્ર પૂર્ણ થઈ ગયા બાદ તેઓ ફરી વાર બિહારમાં આવશે અને જંગી પેકેજની જાહેરાત કરશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, તેઓ ક્યારે કોઈ વચન ભુલતા નથી. ગયા વર્ષે પટણામાં બ્લાસ્ટ વચ્ચે કોઈ ભય વગર પટણામાં લોકો સાથે વાત કરી હતી ત્યારબાદ બિહારને ૫૦૦૦૦ કરોડનું પેકેજ આપવાની વાત કરી હતી. આ વચન પૂર્ણ કરવામાં આવશે. એ દિવસો દૂર નથી જ્યારે પટણામાં પણ દરેક ઘરની અંદર પાઈપલાઇન માફરતે ગેસની સુવિધા મળી શકશે. તેમણે ઉમેર્યું હતું કે, ભૂટાન અને નેપાળમાં કેટલીક સમજૂતિઓ તેમના દ્વારા કરવામાં આવી ચુકી છે. આનાથી બિહારને વિજળી મળશે. આજ કારણસર બિહારમાં ૨૪ કલાક વિજળી આપવાની વાત થઈ રહી છે. આ ચૂંટણી જંગલરાજની દહેશતમાંથી બહાર નિકળવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યું હતું કે, બિહારના લોકો માટે પટણામાં શ્રેણીબદ્ધ સ્કીમ શરૂ કરીને તેઓ મુઝફ્ફરપુર પહોંચ્યા છે. આરજેડીનો મતલબ શું છે તે બાબતની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, આરજેડી એટલે રોજાના જંગલરાજ કા ડર. વડાપ્રધાને જેડીયુમાંથી જીતનરામ માંઝીની હકાલપટ્ટીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, મહાદલિત પાસેથી પક્ષના નેતાઓએ દરેક બાબતો આંચકી લીધી છે. મોદીએ ઉમેર્યું હતું કે, નીતિશકુમારના રાજકીય ડીએનએમાં એક સમસ્યા છે. તેમના પ્રત્યે પણ તેઓ અસ્યપૃષ્યતા ધરાવે છે. આવી રાજનીતિને ફગાવી દેવા મતદારોને મોદીએ અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, જે લોકો સાપ છે તે લોકો અંગે નિર્ણય લેવામાં વાર થવી જોઈએ નહીં. આના કારણે લોકોને તકલીફ પડે તે પહેલા જ રાહત મેળવી લેવી જોઈએ. પોતાના સ્વાર્થી કારણોસર લોકોને તકલીફ પડી રહી છે. લોકોની સેવા કરવાની એનડીએને તક આપવા મોદીએ અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, લોકોએ પાંચ વર્ષ માટે મને ચૂંટી કાઢ્યો છે. બિહારની પણ આમાં ભૂમિકા છે. હું આના માટે આભારી છું. નીતિશકુમારનો પરોક્ષરીતે ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, આ લોકો વિશ્વાસઘાત કરી રહ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે, બિહારના કેટલાક લોકો તેમની મજાક બનાવી રહ્યા છે પરંતુ તેઓ પોતે મજાક બની ગયા છે. બિહારમાં અમારા ગઠબંધનને જીત મળશે. મોદીએ મુઝફ્ફરપુરમાં પોતાની રેલીને એક વાગે સંબોધવાની શરૂઆત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, જંગલરાજમાંથી બહાર આવવાનો સમય આવી ગયો છે.

## મોદી અને નીતિશકુમાર એક મંચ પર દેખાયા

## મોદી હવે વિકાસ માટે યોગ્ય પગલા લેશે : નીતિશને આશા

પટણા,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બિહારમાં છવાયેલા રહ્યા હતા. વિવિધ કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી હતી. મોદીએ પાંચ પ્રોજેક્ટોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, ગરીબી અને બેરોજગારી સાથે સંબંધિત સમસ્યા વિકાસથી દૂર થશે. વિકાસનો કોઈ વિકલ્પ નથી. દરમિયાનમાં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યું હતું કે, બિહારના વિકાસ માટે મોદી યોગ્ય પગલા લેશે તેવી અમારી આશા છે. બિહારના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ૩૮ કિલોમીટર લાંબી રેલવે લાઇનને લઈને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. વિલંબમાં રહેલા રેલવે પ્રોજેક્ટો ટૂંકમાં જ પૂર્ણ કરવામાં આવશે. વડાપ્રધાન દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવેલા પ્રોજેક્ટોમાં બિહારના યોગદાનની વાત કરતા નીતિશકુમારે કહ્યું હતું કે, બિહાર સરકારે બિહટામાં આઈઆઈટીના નવા કેમ્પસ માટે ૫૦૦ એકર જમીન આપી છે. રાજ્ય સરકારે બરોનીમાં ૨૫૦ મેગાવોટના બે પાવર પ્રોજેક્ટ શરૂ કરવા ૩૦૦ કરોડ રૂપિયા ચુકવ્યા છે. નીતિશકુમારે આઈઆઈટી પટણાના ભણાવવાના વિષયોમાં વધારા કરવા માટેની જોગવાઈ કરવા કહ્યું હતું. વડાપ્રધાન બન્યા બાદ મોદી પ્રથમ વખત બિહાર પહોંચ્યા હતા. તેમનું નીતિશકુમાર દ્વારા શાનદાર સ્વાગત કરાયું હતું. રેલવે, પાવર, એચઆરડી, આઈટી, કોમ્યુનિકેશન, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ સાથે બનેલા પાંચ મંત્રાલયોના અનેક કાર્યક્રમો લોંચ કરવા બદલ મોદીનો નીતિશકુમારે આભાર માન્યો હતો. મુખ્યમંત્રીએ તેમના સંબોધનમાં સુશીલકુમાર મોદીના તેમના જુના મિત્ર, નંદકિશોર યાદવને મોસ્ટ ફેવરિટ જુના મિત્ર અને શત્રુઘ્નસિંહાને બિહારી બાબુ તરીકે ગણાવ્યા હતા. મોદીએ ઈન્કુબેશન સેન્ટર ફોર મેડિકલ ઈલેક્ટ્રોનિક્સ માટે



આધારશીલા મુકી હતી. ૧૦૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે જગદીશપુર-હલ્દીયા ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટ લોંચ કરવામાં આવ્યો હતો. આનાથી પાઈપલાઈન મારફતે ગેસ મળી શકશે. ચારથી પાંચ વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરાશે. મોદીએ બિહટામાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મોદીએ દાનિયાવાન-બિહાર શરીફ નવી રેલવે લાઇનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સાથે સાથે રાજગીર-બિહાર શરીફ-દાનિયાવાન ફતુઆ પેસેન્જર ટ્રેનને લીલીઝંડી આપી હતી.મોદીએ દિનદયાળ ગ્રામ જ્યોતિ યોજનાની શરૂઆત કરી હતી. આ પ્રસંગે બિહારના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી, નીતિશકુમાર, સુરેશ પ્રભુ, રામવિલાસ પાસવાન, રવિશંકર પ્રસાદ, ધર્મેન્દ્ર પ્રધાન, ઉપેન્દ્ર કુશવાહ અને રામકૃપાળ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. શેખપુરાના વેટરનરી કોલેજ ગ્રાઉન્ડમાં સત્તાવાર કાર્યક્રમમાં વડાપ્રધાન અને મુખ્યમંત્રી એક સાથે રહ્યા હતા. મોદીના સ્વાગત માટે વિમાની મથક ઉપર નીતિશકુમાર પહોંચ્યા હતા.

## યાકુબને ફાંસી આપવા માટે તૈયારી શરૂ : ૨૨ લાખ મંજૂર

મુંબઈ,તા. ૨૫

મહારાષ્ટ્ર સરકારે મુંબઈના વર્ષ ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટના અપરાધી યાકુબ મેમણને ફાસી આપવા માટેની તૈયારી તેના સ્તર પર શરૂ કરી દીધી છે. મહારાષ્ટ્ર સરકારે યાકુબને ફાંસી આપવા માટે ૨૨ લાખ રૂપિયા મંજૂર પણ કરી દીધા છે. મહારાષ્ટ્ર સરકારે આની સાથે સાથે રાજ્યપાલના નામે મોકલવામાં આવેલી દયાની અરજીને ફગાવી દેવા પણ અપીલ કરી છે અને કહ્યું છે કે આમાં કોઈ નવી વાત નથી. જેથી નાગપુરની સેન્ટ્રલ જેલમાં ૩૦મી જુલાઈના દિવસે તેને ફાંસી આપી દેવામાં આવે તે જરૂરી છે. મેમણને ૩૦મી જુલાઈના દિવસે ફાંસી આપવામાં આવનાર છે. મંગળવારના દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા તેની ક્યુરેટિવ અરજીને ફગાવી દેવામાં આવી હતી ત્યારબાદ કલાકોના ગાળામાં જ મહારાષ્ટ્રના ગવર્નર સમક્ષ અરજી કરવામાં આવી હતી. મેમણના વકીલોનું કહેવું છે કે, ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા વોરંટમાં ચોક્કસ માર્ગદર્શિકા પાળવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટના અપરાધી યાકુબ અબ્દુલ રઝાક મેમણની ક્યુરેટિવ અરજીને પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધાના કલાકો બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલ વિદ્યાસાગર રાવ સમક્ષ હવે યાકૂબની દયાની અરજી ૨૨મીના દિવસે કરવામાં આવી હતી. મેમણના વકીલ અનિલ ગેદમે કહ્યું હતું કે, છેલ્લી અરજી યાકૂબ મેમણના ભાઈ સુલેમાન મેમણ દ્વારા ભરવામાં આવી હતી જ્યારે રાજ્યપાલ સમક્ષ રજૂ કરવામાં આવેલી નવી અરજી યાકૂબે પોતે કરી છે. યાકુબ મેમણની ફાંસીથી બચવા માટેની છેલ્લી અરજી પણ સુપ્રીમ કોર્ટે ગઈકાલે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે તેના દ્વારા દાખલ કરવામાં આવેલી ક્યુરેટિવ અરજીને ફગાવી દીધી હતી. આની સાથે જ મેમણને હવે ૩૦મી જુલાઈના દિવસે સવારે ફાંસી આપી દેવામાં આવશે.આ હુમલા કેસમાં આતંકવાદ વિરોધી અદાલતે ૧૦૦ લોકોને અપરાધી ઠેરવ્યા હતા. પ્રોફેશનથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રહેલા મેમણ હાલમાં નાગપુર સેન્ટ્રલ જેલમાં છે. મેમણના પરિવારના સભ્યો ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતી જેલમાં સોમવારના દિવસે મળ્યા હતા. યાકુબના સંબંધી ઉસ્માન મેમણ તેમના વકીલની સાથે મળ્યા હતા. ૫૩ વર્ષીય મેમણની દયાની અરજીને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આ વર્ષે એપ્રિલ મહિનામાં ફગાવી દીધી હતી જ્યારે તેની બીજી સમીક્ષા અરજી સુપ્રીમ સમક્ષ આવી હતી.

## આઈપીએલ સ્પોટ ફિક્સિંગમાં શ્રીસંત, ચંડીલા, ચૌહાણ નિર્દોષ

નવીદિલ્હી,તા. ૨૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં પટિયાલા હાઉસ કોર્ટે ૨૦૧૩ આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કેસમાં શ્રીસંત, અજીત ચંડેલા, અંકિત ચૌહાણની ત્રિપુટીને નિર્દોષ છોડી મુકી હતી. આની સાથે જ આ ત્રણેય ખેલાડીઓને આખરે મોટી રાહત થઈ હતી. આ કેસમાં રાજસ્થાન રોયલ્સ ત્રણ સહિત અન્ય ૨૦ તથા ધરપકડ કરવામાં આવેલા બીજા ૧૬ને પણ નિર્દોષ છોડવામાં આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ચુકાદો જાહેર કરવામાં આવતા જ આરોપીઓ અને તેમના સમર્થકો તરફથી કોર્ટની અંદર જ જોરશોરથી ખુશી મનાવવામાં આવી હતી. આઈપીએલ ૨૦૧૩માં તેમની સંડોવણીના આક્ષેપો પ્રથમ વખત સપાટી ઉપર આવ્યા બાદથી બીસીસીઆઈ દ્વારા ક્રિકેટના તમામ સ્વરુપો ઉપર પ્રતિબંધ તેમના ઉપર મુકી દેવામાં આવ્યા હતા. એડિશનલ સેશન જજ નીના બંસલ ક્રિષ્ના ૨૯મી જૂનના દિવસે આદેશ જાહેર કરનાર હતા. ચુકાદો જાહેર કરવામાં આવ્યા બાદ રાજસ્થાન રોયલ્સના પૂર્વ ક્રિકેટર ચંડેલાએ કહ્યું હતું કે, આ પહેલા આવો ખરાબ સમય ક્યારે પણ જોયો ન હતો. તે માને છે કે ખરાબ સમય પુરો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીની કોર્ટ



સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ-૬ સ્પોટ ફિક્સિંગ કેસમાં આરોપો ઘડવા અંગે તેનો ચુકાદો ૨૯મી જુનના દિવસે ૨૫મી જુલાઈ સુધી મોકુફ કરી દીધો હતો. શ્રીસંતે અગાઉ કહ્યું હતું કે, ભારતીય ન્યાયતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ છે. આજના ચુકાદાને લઈને પહેલાથી જ ભારે ઉત્તેજના હતી. આઈપીએલ-૬ સ્પોટ ફિક્સિંગ કેસમાં સસ્પેન્ડ કરવામાં આવેલા ક્રિકેટર એસ. શ્રીસંથ, અજિત ચંડીલા, અંકિત ચોહાણ અને અન્યો આરોપી તરીકે હતા.

ઉપરાંત અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ અને તેના સાગરીત છોટા શકીલ પણ આરોપી તરીકે છે. એડિશનલ સેસન જજ નીના બંસલ કૃષ્ણાએ ૨૩મી મેના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. દિલ્હી પોલીસના ખાસ સેલે તેની ચાર્જશીટમાં આ કેસમાં ૪૨ આરોપી લોકોના નામનો ઉલ્લેખ કર્યો હતો. જે પૈકી છ આરોપી ફરાર છે. આ કેસમાં પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી હતી. જેમાં મેચ ફિકસિંગને લઈને તપાસ કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી હતી. આરોપી દ્વારા કોઈ મેચ ફિક્સ્ડ કરવામાં આવી હોવાના પુરાવા મળતા નથી તેવી વતા શરૂઆતમાં કરવામાં આવી હતી. કેસમાં આરોપો ઘડવાની દલીલો વેળા આરોપીઓ વચ્ચે ફોન પર થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો.મેચ ફિકસિંગ અને સટ્ટામાં તેમની સંડોવણી હોવાની વાતને સમર્થન આપવામાં આવ્યુ ંહતુ. જો કે આરોપી તરફથી કેસ લડી રહેલા વકીલોએ પોલીસની રજૂઆત સામે વળતા દાવા કર્યા હતા. સાથે સાથે કહ્યું હતું કે તપાસમાં એવી કોઈ બાબત નક્કી થતી નથી કે તેમના અસીલોએ કોઈ ગુનો આચર્યો છે. કોર્ટે અગાઉ ભાગેડુ આરોપી તરીકે દાઉદ અને શકીલને જાહેર કર્યા હતા. પોલીસે માહિતી આપતા કોર્ટમાં કહ્યું હતું કે વર્ષ ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસના સંબંધમાં દાઉદ અને શકીલની સંપત્તિ પહેલાથી જ ફ્રીઝ કરવામા આવી ચુકી છે.

**બનાવમાં અન્ય ૧૦ ઘાયલ, ૧૧ લાપતા**

## અમરનાથ યાત્રાના બેઝકેમ્પ નજીક વાદળ ફાટતા બે મોત

શ્રીનગર,તા. ૨૫

અમરનાથ યાત્રા માર્ગમાં ભારે વરસાદ વચ્ચે વાદળ ફાટવાની ઘટના બની છે જેમાં બે માસૂમ બાળકોના મોત થયા છે અને અન્ય ૧૦ લોકો ઘાયલ થયા છે. દક્ષિણ કાશ્મીર ગંદરબાલ જિલ્લામાં બલતાલ ખાતે



બેઝકેમ્પ નજીક આ બનાવ બન્યો હતો. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, માસૂમ બાળકોના મૃતેદહ આજે વહેલી સવારે મળી આવ્યા હતા જેમાં એક ૧૩ વર્ષીય બાળકી અને એક ૧૨ વર્ષીય બાળકનો સમાવેશ થાય છે. અન્ય ૧૦ લોકો ઘાયલ થયા છે. ૧૧ લોકો લાપતા હોવાનું જાણવા મળ્યું છે. ભારે વરસાદ વચ્ચે બલતાલ બેઝ કેમ્પ નજીક વાદળ ફાટવાની ઘટના બની હતી જેથી કેટલાક કેમ્પોમાં પણ પાણી ઘુસી ગયા હતા. ઘણા શ્રદ્ધાળુઓ સુરક્ષિત સ્થળો ઉપર ખસેડવામાં આવ્યા હતા. અમરનાથ યાત્રા બીજી જુલાઈથી ચાલી રહી છે. રક્ષાબંધન અમરનાથ યાત્રા ચાલનાર છે. અમરનાથ યાત્રામા હજુ સુધી જુદી જુદી બિમારીઓથી ૨૫ શ્રદ્ધાળુઓના મોત થઈ ચુક્યા છે. આવી જ રીતે ખરાબ હવામાન અને વરસાદના કારણે યાત્રાને અનેક વખત રોકવાની ફરજ પડી છે. અહેવાલ મુજબ બે લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓ અમરનાથમાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરી ચુક્યા છે. આવનાર દિવસોમાં અમરનાથ શ્રદ્ધાળુઓમાં વધારે ઉત્સાહ જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. અમરનાથ યાત્રા માર્ગમાં પણ ઘણી અડચણ હોવા છતાં શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ અકબંધ રહ્યો છે. તંત્ર દ્વારા પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. શ્રદ્ધાળુઓને પુરતી સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અમરનાથ યાત્રા બે રુટથી આગળ વધી રહી છે. પુરતા સુરક્ષા જવાનો પણ શ્રદ્ધાળુઓની સાથે ગોઠવવામાં આવ્યા છે.

**કેજરીવાલ સરકારની ટિકા**

## એડ ઉપર ૫૨૫ કરોડનો ખર્ચ બદલ ટિકા-ટિપ્પણી

નવી દિલ્હી,તા. ૨૫

દિલ્હીમાં પોસ્ટર વોરની શરૂઆત થઈ ગઈ છે. આમ આદમી પાર્ટીની જાહેરાતો અને પોસ્ટરને લઈને ભારે હોબાળો થઈ ગયો છે. એએપી સરકારને જાહેરાત ઉપર ૫૨૫ કરોડ રૂપિયા ખર્ચ કરવા બદલ એએપી ઉપર હવે આક્ષેપબાજી શરૂ થઈ ગઈ છે. શહેરમાં લગાવવામાં આવેલા પોસ્ટરોના સંદર્ભમાં સંગઠને એએપી સરકારની કામગીરી ઉપર પ્રશ્નો ઉભા કર્યા છે. એએપી સરકારે તમામ ચૂંટણી વચનોને લઈને તેની ટિકા થઈ રહી છે. કેટલીક જગ્યાએ મુકવામાં આવેલા પોસ્ટરોમાં જણાવવામાં આવ્યું છે કે, પોસ્ટરો ૫૨૫ કરોડ રૂપિયા ખર્ચ કરવાના બદલે ૧૫ લાખ સીસીટીવી કેમેરા ગોઠવવાની જરૂર છે. આનાથી ગુનાઓના ગ્રાફને નીચે લઈ જવામાં મદદ મળશે. ગુરુવારના દિવસે એએપી સરકારે દિલ્હીભરમાં પોસ્ટરો મુક્યા હતા જેમાં જણાવવામાં આવ્યું હતું કે, દિલ્હી સરકાર પોતાની રીતે કામ કરવાની તક આપવામાં આવે. દિલ્હી સરકાર સારી કામગીરી કરી રહી છે.

### વાત કાનૂન કાયદાની (પાના નં. ૪ નું ચાલુ)

દેશમાં પ્રાયવસી ભંગની ઘટનાઓ સામાન્ય બને છે આવા સંજોગોમાં બંધારણમાં પ્રાયવસીને મૂળભૂત અધિકાર તરીકે સ્થાન અપવાના મુદ્દે સમગ્ર દેશમાં જન જાગૃતિ લાવવી એ પેચીદો પ્રશ્ન છે માટે શું? મારૂં શું? માં રાચતી જનતા પોતાનું છુપાવવું અને બીજાનું બધુ જાણી લેવાના સ્વભાવમાંથી બહાર આવવાની નથી કઈ બાબતની છુટ હોવી જોઈએ અને કઈ બાબતની નહિ તે મુદ્દો એકમત સાધી શકે તેમ નથી એકની પ્રાયવસીની બીજાની અંગત ઉપયોગની વાત હોઈ શકે જે તેનો ઉપયોગ પોતાને મનહાહે તે રીતે ફાયદા, ગેરફાયદા માટે કરે કે કરાવી શકે કોઈપણ વ્યકિતની ખાનગી જાસુસી કરી તેની વાત જાહેરમાં લાવવી યોગ્ય નથી આ બધા મુદ્દા સર્વ માન્ય ના થશઈ શકે.

એકબીજાના જીવનમાં ડોકીયા કરવા ગોસીપ કરવી કે એકબીજાને નડવા કનકવાનો હક્ક કોઈને ન હોવો જોઈએ પછી તે દેશનો સામાન્ય નાગરિક હોય કે વડાપ્રધાન હાલમાં લલીત મોદીએ જે ભાંગરો વાટયો તેનાથી રાજકિય ઉથલપાથલ મચી દેશની લોકસભા ખોરંભે પડી અને મહત્વના મુદ્દા બાજુમાં રહી ગયા દેશના કરોડો રૂપિયાનું ધોવાણ થયુ તે અલગ વાત આધાર કાર્ડથી શરૂ થઈ છે જે વ્યકિતના જીવનનો આધાર જીવવાનો આધાર બદલી શકે છે શું છુપાવવું શું જાહેર કરવું એ વ્યકિતગત બાબત છે પરંતુ પારકી પંચાયતમાં મસ્ત રહેતી ભારતીય જનતા પ્રાયવસીને વૈભવી રાઈટ ગણે છે જયાં માનવીની શૈચ ક્રિયાની જ પ્રાયવસીના હોય ત્યાં જીવનની કોઈ વાત પ્રાયવેટ રાખી શકે તેમ નથી બંધારણે પણ રાઈટ ટુ પ્રાયવસીને મૂળભૂત અધિકાર ગણેલ નથી આગામી સમયમાં નવા સમીકરણો બંધારણમાં ઉમેરાશે તે નક્કી છે.

## ઓસ્ટ્રેલિયન ટીમમાં ક્રિસ રોજર્સનો સમાવેશ કરાયો


એજબેસ્ટન,તા. ૨૫

એજબેસ્ટન ખાતે ઈંગ્લેન્ડ સામે રમાનારી ત્રીજી ટેસ્ટ મેચ માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ ટીમમાં ઓપનિંગ બેટ્‌સમેન ક્રિસ રોજર્સનો ફરી સમાવેશ કરવામાં આવ્યો છે. ૩૭ વર્ષીય બેટ્‌સમેનને રવિવારના દિવસે બીજી ટેસ્ટ મેચ દરમિયાન તકલીફ થઈ હતી પરંતુ હવે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. લંડન સ્થિત સ્પેશિયાલિસ્ટનું કહેવું છે કે, ક્રિસ રોજર્સ કામની અંદર આંતરિક સમસ્યાઓ ધરાવે છે પરંતુ હવે તેની તબિયત સુધારા ઉપર છે. ક્રિસ રોજર્સ નોટિંગ્હામ ખાતેની ટીમમાં જોડાઈ શકશે. આગામી થોડાક દિવસમાં તે પોતાની પ્રેક્ટિસ પણ શરૂ કરી શકશે. તેના કાનમાં દુખાવો થવાના કારણે તે વધારે સમય સુધી મેદાન પર રહી શક્યો ન હતો. ઓસ્ટ્રેલિયાએ ૪૦૫ રને જોરદાર જીત મેળવી હતી અને બીજી ટેસ્ટ મેચ જીતીને ટેસ્ટ શ્રેણીને ૧-૧થી બરોબર કરી હતી. ક્રિસ રોજર્સે પ્રથમ ઈનિંગ્સમાં ૧૭૩ રનની ઈનિંગ્સ રમી હતી. ક્રિસ રોજર્સ ત્રણ દિવસ પ્રવાસ મેચમાં રમી રહ્યો નથી. ઓસ્ટ્રેલિયન ટીમમાં રોજર્સની વાપસી થતાં બેટિંગ તાકાત વધી છે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૯મી જુલાઈથી ત્રીજી ટેસ્ટ મેચ શરૂ થનાર છે.

## કારગીલ યુદ્ધની વરસી ઉપર સાહસી જવાનોને શ્રદ્ધાંજલિ

નવી દિલ્હી,તા. ૨૫

કારગીલ યુદ્ધની ૧૬મી વરસીના દિવસે આજે ભારતીય સાહસી જવાનોની વીરાતા અને કુશળતા તેમજ દેશભક્તિની ફરી નોંધ લેવામાં આવી હતી. કારગીલ યુદ્ધ દરમિયાન દેશના ગૌરવ માટે લડતા પોતાના પ્રાણોની આહુતિ આપી દેનાર જવાનોને આજે દેશભરમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે જુદા જુદા કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું હતુ. પાકિસ્તાન સાથે વર્ષ ૧૯૯૯ના યુદ્ધ દરમિયાન સાહસનો પરિચય આપીને શહીદ થયેલા જવાનો અને અધિકારીઓને આજે યાદ કરવામાં આવ્યા હતા.સેનાના વડા દલબીરસિંહ સુહાગે જમ્મુ કાશ્મીરના દ્રાસ સેક્ટરમાં મેમોરિયલ ખાતે કારગીલ યુદ્ધના શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ



આપવામાં આવી હતી. દલબીરસિંહ સુહાગે સાહસી જવાનોને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. અલબત્ત ઉજવણીનો દોર ૨૦મી જુલાઈના દિવસે શરૂ થઈ ગયો હતો પરંતુ મુખ્ય કાર્યક્રમ હવે આજથી શરૂ થઈને આગામી બે દિવસ સુધી યોજાશે. સાંજે પણ ખાસ કાર્ય ક્રમો યોજાયા હતા. ગઈકાલે સેનાએ ડેર ડેવિલ શોનુ આયોજન કર્યું હતુ. કારગીલ યુદ્ધ ભારત અને પાકિસ્તાન વચ્ચે મે અને જુલાઈ ૧૯૯૯ વચ્ચે થયું હતુ. કાશ્મીરના કારગીલ જિલ્લા અને અંકુશ રેખા પર આ યુદ્ધ થયું હતુ. અંકુશ રેખાની ભારતીય બાજુમાં પાકિસ્તાની સૈનિકો અને કાશ્મીરી ત્રાસવાદીઓની ઘુસણખોરી અને તેમના દ્વારા ભારતીય ક્ષેત્રો પર કબજો જમાવી લેવાના કારણે આ યુદ્ધ થયું હતુ. આ યુદ્ધને ઈતિહાસમાં ઓપરેશન વિજય તરીકે પણ ગણવામાં આવે છે. યુદ્ધમા મોડેથી ભારતીય હવાઈ દળે પણ ભૂમિકા અદા કરી હતી. ભારતે આખરે તેના તમામ વિસ્તારો પર કબજો જમાવ્યો હતો. પાકિસ્તાની સેનાના જવાનોને ખસી જવાની ફરજ પડી હતી. બે પરમાણુ સક્ષમ દેશ વચ્ચે આ યુદ્ધ થયું હતુ.

## કૃષિ પ્રધાન રાધામોહનનો જેટલી દ્વારા બચાવ કરાયો

નવીદિલ્હી,તા. ૨૫

ખેડૂતોની આત્મહત્યા માટે કેન્દ્રીય કૃષિમંત્રી રાધામોહન સિંહ દ્વારા જે કારણો આપવામાં આવ્યા હતા તે કારણોને લઈને ભારે હોબાળો થયા બાદ નાણામંત્રી અરુણ જેટલીએ આજે રાધામોહનસિંહનો બચાવ કર્યો હતો. જેટલીએ અગાઉની યુપીએ સરકાર દરમિયાન સંસદમાં આપવામાં આવેલા લેખિત જવાબનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, ખેડૂતો માટે કેટલાક કારણો પૈકી એકમાં પ્રેમ પ્રકરણનો ઉલ્લેખ પણ યુપીએના જવાબમાં કરવામાં આવ્યો હતો. યુપીએ સરકારના ગાળા દરમિયાન ખેડૂતોની આત્મહત્યાના મુદ્દા પર સંસદમાં આપવામાં આવેલા જવાબોને લઈને જેટલીએ આજે રાધામોહનનો બચાવ કર્યો હતો. માર્ચ ૨૦૧૨ અને ફેબ્રુઆરી ૨૦૧૪ વચ્ચેના ગાળા દરમિયાન સંસદના બંને ગૃહોમાં આપવામાં આવેલા ચાર જવાબનો અરુણ જેટલીએ ટ્વિટર પર ઉલ્લેખ કર્યો છે. ગઈકાલે સંસદમાં ખેડૂતોની આત્મહત્યાના મુદ્દે પ્રશ્નોના જવાબમાં રાધામોહનસિંહે દહેજ, પ્રેમ પ્રકરણ, નપુંસકતા જેવા કારણઓનો ઉલ્લેખ આત્મહત્યા માટે કર્યો હતો. જેટલીએ કહ્યું હતુ કે, ૩૦મી માર્ચ ૨૦૧૨ના દિવસે રાજયસભામાં તત્કાલિન કૃષિ રાજ્યમંત્રી ચરણદાસ મહંત દ્વારા આપવામાં આવેલા કારણોમાં પણ પ્રેમ પ્રકરણનો ઉલ્લેખ હતો.

**સેનાના પૂર્વ જવાનોના દેખાવો**

## વન રેંક વન પેન્શનના મુદ્દે જોરદાર દેખાવો કરાયા

નવી દિલ્હી,તા. ૨૫

વન રેંક વન પેન્શન સ્કીમને અમલી બનાવવામાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા વિલંબને લઈને હવે સેનાના પૂર્વ જવાનો વિરોધના મુડમાં આવી ગયા છે. સંરક્ષણ મંત્રી મનોહર પારીકરની યાત્રાના દિવસે મોહાલીમાં જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. મોહાલી, ચંદીગઢ, પંચકુલાના સેનાના જવાનો એકત્રિત થયા હતા અને જોરદાર દેખાવો કર્યા હતા. સરકાર વિરોધી સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. મોદી સરકાર સામે નારેબાજી પણ કરવામાં આવી હતી. દેખાવકારોને પોલીસ કાફલાએ રોક્યો હતો. જય જવાન જય કિસાનના નારા વિરોધ દરમિયાન લગાવવામાં આવ્યા હતા. સંરક્ષણમંત્રી પોતે કહી ચુક્યા છે કે, ઓઆરઓપીને ટૂંક સમયમાં જ અમલી બનાવવામાં આવશે પરંતુ નક્કર તારીખ હજુ સુધી આપવામાં ન આવતા આને લઈને નારાજગી દેખાઈ રહી છે.

### વાત વખતની (પાના નં. ૪ નું ચાલુ)

વિજ્ઞાનના વિકસતા જગતમાં હવે માટીમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓને વધારવા માઈક્રોબ્સ ઉમેરી શકાય છે. એઝેટોબેકટલ રાઈઝોબિયમ નામે બેકેટરિયા માનવ શરીરમાં રહેલ ફોસ્ફરસને ૨૮ દિવસમાં ડીકંપોઝ (વિઘટન) કરે છે એને વૃક્ષના ઉછેર માટે જરુરી નાઈટ્રોજન જમીનમાં ઉમેરે છે. એક્ટિનો માઈસેટ્‌સ નામે બેકટેરિયા માનવ શરીરનું ડીહાઈડ્રેશન કરી માંસ મજ્જામાં ફંગસ અને પાણી થવા દેતા નથી અને શરીરનાં તત્ત્વોને બંધનમુક્ત કરી અણુમાં વિખેરી નાખે છે. મૃત શરીર અગ્નિદાહ પછી રાખ સ્વરુપે કણ કણમાં વિખેરાઈ જાય છે. તેવી જ આ ઘટના શાંત સ્વરુપે જમીનમાં ઘટે છે અને ચિર શાંત સ્વરુપે માનવશરીર ફરી વૃક્ષ બની નવું જીવન મેળવી શકે છે.

પવિત્ર માટીના સહારે માટી બની વૃક્ષ થઈ પુનઃ પ્રકૃતિ વચ્ચે ઋષિતુલ્ય જીવન જીવવાનો મોકો આજના વિજ્ઞાને આપ્યો છે, જેને વધાવી લઈશું તો આપણી ભાવી પેઢી ગૌરવભેર ગાન કરી શકશે, ‘વૃક્ષોની નિત્ય વૃદ્ધ કરનાર હે પૃથ્વી, તું અતિ શીલવતી છે. પુણ્ય અને દ્રવ્ય દેનારી છે. સર્વનું પાલન કરનારી છે. આથી હે માતા, તને સદા નમસ્કાર.’ ગુજરાતના યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધો એક વૃક્ષ માટે એક શરીર સોંપવાના વસિયતનામાથી નવા વર્ષનો સત્કાર કરે. અને સુજલાં સુફલાં મલયજ શીતલાંનું સ્વપ્ન સાકાર કરે.

માનવજાતને પ્રાણવાયુ આપનાર વૃક્ષો હવે ખૂટ્યા છે અને પ્રદૂષણથી ભરેલા શહેરમાં ઓક્સિજન બાર ખૂલી રહ્યા છે. ત્યારે શહેરોન ગામડાંઓમાં સ્થપાયેલ પર્યાવરણ મંડળોના ઉપક્રમે સ્મૃતિવન તૈયાર થાય. સ્મૃતિવનમાં સ્વર્ગસ્થદેહોને સ્વીકારી તેના પર પવિત્ર વૃક્ષ ઉછેરવાની કાળજી લેવાય, તો જીવાત્માનો આ ભવ ભલે સુધર્યો ન સુધર્યો પણ તેની બીજી જિંદગી જરુરથી તેજોમય બની રહેશે.